RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારોના કન્ટેઈનરોની ચકાસણી સ્થળ પર જ કરવા અને શીફટીંગની જોગવાઈ તાત્કાલીક દુર કરવા સરકારશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

નિકાસકારો દ્વારા નિકાસ કરવામાં આવતા કન્ટેઈનરોની ચકાસણી સરકારશ્રીના નિયત કાયદા અને ધારા ધોરણ મુબજ હાથ કરવામાં આવે છે. કાયદાકીય પ્રક્રિયા તથા તેને આનુશાંગીક ગતિવિધી બાબત કોઈપણ વિરોધ ન હોય શકે તેમ છતાં આ ચકાસણી પ્રક્રિયા અર્થે હાથ ધરવામાં આવતી કાર્યવાહી નિકાસકારો માટે સમય વ્યય તથા આર્થિક રીતે ખુબ જ નુકશાનકારક સાબીત થઈ રહી છે. ઉદાહરણના ભાગરૂપે જોઈએ તો કોઈ એક નિકાસકારે પાંચ કન્ટેઈનર એક જ શીપીંગ બીલ હેઠળ નિકાસ કર્યા છે. કસ્ટમ્સ વિભાગ દ્વારા આ પાંચ પૈકી કોઈપણ એક કન્ટેઈનર ચકાસણી માટે પસંદ કરવામાં આવે ત્યારે નિકાસકારે તમામ પાંચે પાંચ કન્ટેઈનરો ચકાસણી સમયે શીફટ કરવા પડે છે. નિર્ધારિત કન્ટેઈનરની ચકાસણી પુરી થયે તમામ પાંચ કન્ટેઈનરો ટર્મિનલ સુધી પહોંચાડવા પડે છે. આ રીતે એક કન્ટેઈનરની ચકાસણી પ્રક્રિયા પુર્ણ કરવા પાંચ કન્ટેઈનરોના શીફટીંગનો અસહ્ય આર્થિક બોજો નિકાસકારે ભોગવવો પડે છે અને સમયનો પણ વ્યય થાય છે. આવી જટીલ ચકાસણી પ્રક્રિયાને કારણે નિકાસકારો તેમના કન્ટેઈનર પુર્વ નિર્ધારિત વેસલમાં મોકલી શકતા નથી જેથી તેઓએ હજારો રૂપિયા વિવિધ ચાર્જિસ જેવા કે ફ્રેઈટ ચાર્જ / ડોકયુમેન્ટેશન ચાર્જ / દંડ વિગેરે સ્વરૂપે ચુકવવા પડે છે. આ આર્થિક બોજો નિકાસકારે અગાઉ ગણતરીમાં લીધેલ ન હોવાને કારણે તેમને પોતે જ ભોગવવો પડે છે. એટલું જ નહી કન્ટેઈનરોની ડિલવરી પણ મોડી થવાના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે નિકાસકારોની પ્રતિષ્ઠાને નુકશાન પહોંચે છે.

અસંખ્ય નિકાસકારોને ભોગવવી પડતી આવી કાયમ માટેની મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવવા તેમજ શીપીંગ બીલમાં સમાવિષ્ટ કન્ટેઈનરો પૈકી જે કોઈ કન્ટેઈનરની ચકાસણી કસ્ટમ્સ વિભાગ દ્વારા નકિક કરવામાં આવે તો તેવા સંજોગોમાં માત્ર ને માત્ર સ્થળ પર જ ચકાસણી કરવી અને શીફટીંગ કરવાની જોગવાઈ તાત્કાલીક દુર કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રના વાણિજય અને ઉધોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી તથા ગુજરાત ઝોન કસ્ટમ્સના ચીફ કમિશ્નરશ્રી અજય ગણેશ ઉબાલેજી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.